## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



ગેબાભાઈ કે. પટેલ
(૧૯૪૬) મો. ૯૯૦૪૭૮૦૩૪૭

# કલોલથી ૨ ઉમીએ વણથંભી વિકાસયાત્રા આરંભાશે

## ૨૫મી ઓગષ્ટે માણસા ખાતે ગરીબ કલ્યાણ મેળાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં વણથંભી વિકાસયાત્રાનો પ્રારંભ ૨૩ ઓગષ્ટથી કલોલ તાલુકામાં થશે. આ યાત્રા દરમ્યાન ૨૫ ઓગષ્ટના રોજ માણસા ખાતે ગરીબ કલ્યાણ મેળો પણ યોજવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં કલોલથી આરંભાઈ રહેલ વણથંભી વિકાસયાત્રામાં રાજ્યમંત્રીશ્રી સૌરભભાઈ પટેલ, શ્રી વાડીભાઈ પટેલ, શ્રી અશોકભાઈ ભાવસાર, શ્રી ધર્મેન્દ્રભાઈ શાહ સહિતના અગ્રણીઓ જોડાશે.

ગાંધીનગર જિલ્લાનો કલોલ અને માણસા તાલુકાને આવરી લેતો ગરીબ કલ્યાણ મેળો માણસા ગાયત્રી મંદિર નજીક યોજવા માટેનું આયોજન તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. આ ગરીબ કલ્યાણ મેળામાં ૧૦ હજાર જેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવશે.

મળતી વિગતો મુજબ ૨૩ અને ૨૪ દરમ્યાન કલોલ અને માણસા તાલુકામાં ૪૦ જેટલા સ્થળોએ લોકાર્પણ તેમજ વિકાસના કામોના પ્રારંભ કરાવવામાં આવનાર છે. આ માટેની તૈયારીઓ તંત્ર દ્વારા તડામાર શરૂ કરી દેવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં વિકાસની વણથંભી વિકાસ યાત્રા દરમ્યાન ૧૬૭ જેટલા કામોનું લોકાર્ણ અને કામનો પ્રારંભ કરાવવા માટેના આયોજનો કરવામાં આવ્યા છે. ૧૦૦ જેટલા કામોનું લોકાર્પણ કરવામાં આવનાર છે.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગરીબ કલ્યાણ મેળાનો સમય સવારનો રાખવામાં આવ્યો છે. આ મેળામાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી બાયસેગની મદદથી ઉપસ્થિત લાભાર્થીઓને સંબોધન પણ કરનાર છે.

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે વિકાસના ૧૩ કરોડથી વધુના ખર્ચના કામો હાથ પર લેવામાં આવનાર છે. આ વખતે ગરીબ કલ્યાણ મેળામાં વિકાસનો દસકો અને વિકાસગાથાની વિશેષ વિગતો પણ રજૂ કરવા માટેનું આયોજન હાથ ધરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

## કલોલમાં 'ઘરનું ઘર' યોજના અંતર્ગત આજે ફોર્મ વિતરણ કાર્યક્રમ

### બે સ્થળોએ કાર્યક્રમ રાખી કોંગ્રેસ ૨૦ હજારથી વધુ ફોર્મ વહેંચશે

કલોલ, તા. ૧૯

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ આયોજીત ઘરનું ઘર યોજના અંતર્ગત આવતીકાલે સ્વ. રાજીવગાંધીના જન્મદિને કલોલ શહેરનાં પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં ફોર્મ વિતરણ સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ૨૦ હજારથી વધુ મહિલાઓને ફોર્મ વિતરણ કરવાનાં આયોજનનાં પગલે કલોલ સિટી પોલીસ પુરતો બંદોબસ્ત તૈનાત કરી દીધેલ છે.

કલોલમાં પૂર્વ અને પશ્ચિમ એમ બે વિસ્તારમાં ફોર્મું વિતરણ કરવામાં આવશે. જેમાં કલોલ પશ્ચિમ વિસ્તારનાં અંબાજી માતાની વાડી અને કલોલ પૂર્વ વિસ્તારમાં અવસર પાર્ટી પ્લોટ, મંજુર મહાજન ઓફીસ પ્લોટ વિસ્તારમાં ફોર્મ વિતરણ કરવામાં આવશે તેમ કલોલ તાલુકા કોંગ્રેસ સમિતિ પ્રમુખ ગમાજી અંબારામ ઠાકોર, ધારાસભ્ય સુરેશભાઈ પટેલ અને કલોલ શહેર કોંગ્રેસ સમિતિ પ્રમુખ મયુરભાઈ બ્રહ્મભટ્ટે જણાવ્યું છે. મહિલાઓને કેન્દ્રમાં રાખીને યોજાનાર આ કાર્યક્રમમાં હજારો મહિલાઓની ઉપસ્થિતિની શકયતાને પગલે પોલીસ બંદોબસ્તમાં મહિલા પોલીસ પણ ગોઠવવામાં આવી છે.

## યુવક કોંગ્રેસ સમિતિ દ્વારા કલોલમાં આજે સદ્ભાવના યાત્રા

કલોલ, તા. ૧૯

કલોલ વિધાનસભા યુથ કોંગ્રેસ દ્વારા આવતીકાલે સ્વ. રાજીવ ગાંધીના જન્મદિન નિમિત્તે સદ્ભાવના યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. કલોલ વિધાનસભા યુવક કોંગ્રેસ સમિતિના પ્રમુખ ઠાકોર આઝાદસિંહ બળદેવજીએ જણાવ્યું કે સદ્ભાવના યાત્રા નવજીવન મીલ કમ્પાઉન્ડથી શરૂ થઈને જોગણીમાતાના મંદિર થઈને શારદા સર્કલ કવિતા સર્કલથી વખારિયા સર્કલ થઈને કલોલ વિધાનસભા યુવક કોંગ્રેસ સમિતિનાં કાર્યાલય પર પહોંચશે. આ સદ્ભાવના યાત્રામાં લોકસભાનાં પ્રમુખ જયદીપસિંહ ઠાકોર, કલોલ વિધાનસભાના પ્રમુખ આઝાદસિંહ ઠાકોર, એન.એસ.યુ.આઈ.ના પ્રમુખ મિહિરભાઈ બ્રહ્મભટ્ટ તેમજ મહામંત્રી વિશાલ શુકલા સહિતના આગેવાનો ઉપરાંત બસોથી ત્રણસો કાર્યકરો ઉપસ્થિત રહેશે.

## ડૉ. આંબેડકર સન્માન યાત્રા આજે કલોલ પહોંચશે

કલોલ, તા. ૧૯

ગુજરાત પ્રદેશ ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા આયોજીત ડૉ. આંબેડકર સન્માન યાત્રાનું આવતીકાલે સાંજે કલોલ ખાતે આગમન થશે. સાંજે ૭.૩૦ કલાકે આવી પહોંચનાર યાત્રાનું સ્વાગત કરીને કલોલ સીંદબાદથી યાત્રા બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા ખાતે લઈ જવાશે. ત્યાંથી ખુની બંગલા વિસ્તારમાં તથા નવજીવન મોલ, નવજીવનની ચાલી, લવલી ચોક થઈને રઘુવીર ચોકડી રૂટ પર યાત્રા ફેરવવામાં આવશે અને અંકુર મેદાને આ સન્માન યાત્રા સભામાં પરીણમશે તેમ કલોલ તાલુકા ભાજપ અનુ. જાતિ મોરચાના પ્રમુખ જગદીશભાઈ સોલંકીએ જણાવ્યું છે.



સેક્ટર-૧૬ ખાતે આવેલ સોમનાથ મંદિર ખાતે શિવમહિમ્ન સ્ત્રોતનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતા, તે પ્રસંગની તસવીર.

## રમઝાન-ઈદના પર્વ પર રાજયપાલશ્રીની શુભકામનાઓ

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ રાજયના મુસ્લિમ ભાઈ બહેનોને પવિત્ર રમઝાન-ઈદની હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. તેમના શુભ સંદેશામાં રાજપાલશ્રીએ કામના વ્યકત કરી છે કે ઈદનું આ પાવન પર્વ આપણા જીવનમાં શાંતિ, પ્રેમ, સૌહાર્દ તથા સુખ-સમૃદ્ધિની વૃધ્ધિ કરશે.

## ગુજરાત વણકર સમાજનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગુજરાત વણકર સેવા સમાજ દ્વારા અમદાવાદ ટાઉનહોલ ખાતે તા. ૨૧મી ઓકટોબર-૨૦૧૨ના રોજ ૧૭મો જીવનસાથી પસંદગી મેળો તથા તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાશે.

જીવનસાથી પસંદગી મેળામાં જોડાવા માટે લગ્નોત્સુક યુવક યુવતીઓએ ૩૦મી સપ્ટેમ્બર-૨૦૧૨ સુધીમાં ફોર્મ ગુજરાત વણકર સેવા સમાજના ગાંધીનગરના પ્રતિનિધિ દશરથલાલ પરમાર પ્લોટ નં. ૫૪૦/૨, ગાંધીનગર પાસેથી ફોર્મ મેળવી તેને ભરીને પરત કરવાનું રહેશે તથા તેજસ્વી તારલાઓએ પોતાની માર્કશીટ પણ રજૂ કરવાની રહેશે.

## ઊંઝા તાલુકામાં ગેરકાયદેસર દબાણો અને બાંધકામનો રાફડો

ઊંઝા, તા.૧૯

ઊંઝા તાલુકાના કેટલાક ગામોમાં છેલ્લા ઘણા વખતથી સરકારી જમીનો પર અન અધિકૃત દબાણો તથા બાંધકામો થયેલા છે પરંતુ આ ગેરકાયદેસર દબાણોને દૂર કરવા માટે સ્થાનિક પંચાયતો દ્વારા યોગ્ય કાર્યવાહી ન થતા આવા દબાણો વધતા જાય છે.

ઊંઝાના કેટલાક ગામોમાં ગેરકાયદેસર દબાણો અને બાંધકામોનો રાફડો ફાટયો છે. સરકારી ખુલ્લી કે પડતર જમીન જાણે પોતાના બાપદાદાની હોય તેમ સમજીને કેટલાયે વ્યકિતઓએ સરકારી જમીનો અને જાહેર રસ્તાઓ પર દબાણો કરી દીધા છે. ગાયના આંતરિક માર્ગો પૈકી મુખ્ય જાહેર માર્ગો પર દબાણો થવાથી માર્ગો સાવ સાંકડા બની ગયા છે. પરિણામે આવા રસ્તેથી વાહનો તરફથી દબાણકારોને અવાર નવાર નોટીસો અપાય છે.

નવાઈની વાત તો એ છે કે જિલ્લા તથા તાલુકા પંચાયતના અધિકારીઓ પણ દબાણો પ્રત્યે ખાસ ધ્યાન આપતા નથી અને તાલુકા પંચાયતોના આદેશો ઘોળીને પી જાય છે તેમ છતાં જિલ્લા કે તાલુકા પંચાયતોના અધિકારીઓ, સરપંચો તેમજ તલાટીની સામે કોઈ જ પગલા ભરાતા નથી. ઊંઝા તાલુકાના બ્રાહ્મણવાડા ગામે સરકારી ગામઠાણની જમીન પર બિન પરવાનગી ગેરકાયદેસર બાંધકામો થયા છે તેને દૂર કરવા માટે ગામના જ એક વ્યકિતએ તાલુકા જિલ્લા અને રાજયસ્તરે ઉચ્ચ અધિકારીઓને લેખિતમાં રજુઆતો કરી છે. છતાં સંબંધિત અધિકારીઓ તરફથી હજુ સુધી કોઈ નક્કર પગલા લેવામાં આવ્યા નથી.

# બનાસકાંઠામાં રમજાન ઈદને લઈ ચુસ્ત પોલીસ બંદોબસ્ત

પાલનપુર, તા.૧૯

બનાસકાંઠા જિલ્લામાં રમજાન ઈદના તહેવારને અનુલક્ષી જિલ્લા પોલીસ તંત્રએ જિલ્લાના વિવિધ સ્થળોએ ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે. તહેવાર દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે વાહન ચેકીંગ અને નાકાબંધીનું અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર શહેર, ડીસા શહેર, થરાદ, ધાનેરા, પાંથાવાડા, છાપી, વડગામ, દાંતા અને પાલનપુર તાલુકાના (કાણોદર, ચરોતર) મુકામે આવતી રમજાન ઈદના તહેવારને જોતા તેમજ ઈદના પર્વે કોઈ પણ પ્રકારની અઘટીત ઘટના ના ઘટે તે માટે જિલ્લામાં છેલ્લા સાત દિવસથી ચાંપતી નજર રાખી ગુજરાતથી રાજસ્થાનમાં પ્રવેશતા બોર્ડર પોલીસ સ્ટેશનની તમામ ચેક પોસ્ટો ઉપર નાના-મોટા વાહનો ચેક કરવામાં આવે છે. તથા શહેરોમાં વાહન ચેકીંગ નાકાબંધી અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં વધુમાં વધુ વાહનો, નાના મોટા ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, હોટલો, બસ સ્ટેશન-રેલવે સ્ટેશન, પીક અપ સ્ટેન્ડ, તેમજ અવાવરુ અને ભીડ ભાડવાળી જગ્યાઓ ચેક કરવામાં આવી હતી અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે પાલનપુર શહેર, ડીસા શહેર, થરાદ, ધાનેરા પાંથાવાડા, છાપી, વડગામ, દાંતા, પાલનપુર તાલુકા મુકામે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. અને અસામાજીક પ્રવૃત્તિ કરનાર ઈસમો ઉપર ચુસ્ત વોચ રાખવામાં આવી રહેલ છે. આ ઉપરાંત જિલ્લાના ૫ નાયબ પોલીસ અધિક્ષક, ૬ પોલીસ ઈન્સ્પેકટર, ૩૦ પોલીસ સબ ઈન્સ્પેકટર, પોલીસ જવાન ૪૧૫, મહિલા પોલીસ ૨૫, ઘોડેસવાર પોલીસ-૧૨, એસ.આર.પી. એક પ્લાટુન અને બોર્ડરવીંગ એક પ્લાટુનને હાજર રહેવા આદેશ આપી દેવામાં આવ્યા છે.

## લોકનાદ શિક્ષણ સંકુલ રખિયાલમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

દહેગામ તાલુકાના રખિયાલ બજાર ખાતે આવેલી લોકનાદ શિક્ષણ સંકુલમાં લોકનાદ બી.એડ. કોલેજ અને પંચશીલ વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે ૬૬મા સ્વાતંત્ર્ય પર્વ દિનની ઉમંગભેર અને દેશભક્તિ ભાવ સાથે ઉજવણી કરવામાં આવી હતી. રાષ્ટ્રીય પર્વ પ્રસંગે સદર શાળા કોલેજના સંચાલકો, આચાર્યો, અધ્યાપકગણ, આમંત્રિત મહેમાનો, વાલીઓ, વિદ્યાર્થીઓ અને તાલીમાર્થી ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

પૂજ્ય નાનજીદાદા ભગતના વરદ્ હસ્તે રાષ્ટ્રધ્વજને ફરકાવી સન્માનપૂર્વક સલામી આપી રાષ્ટ્રગીતનું સુમધુર ગાન કરવામાં આવ્યું હતું. 'આઝાદી અમર રહો' 'ગાંધીજી અમર રહો' વગેરેના નારા થકી વાતાવરણ ગૂંજી ઉઠ્યું હતું. ધ્વજવંદન સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ થયા હતા. કાર્યક્રમમાં કે.સી. શાહે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું અને સંચાલન સંદિપ પટેલ અને પરેશ દવેએ કર્યું હતું.

## ડીસા તાલુકાના ટેટોડા ગામે ૩૫ વર્ષીય યુવક દ્વારા આત્મહત્યાનો પ્રયાસ

ડીસા, તા. ૧૯

બનાસકાંઠા જીલ્લામાં આત્મ હત્યાના બનાવોમાં દિન પ્રતિદીન ખુબ જ વધારો થઈ રહ્યો છે. લોકો નજેવી બાબતે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા તેમજ કરોશીન છાંટીને તેમનો મહામુલો જીવ ગુમાવતા હોય છે. જેમાં ડીસા તાલુકાના ટેટોડા ગામે રહેતા જગદીશભાઈ એમ.માજીરાણા ઉમર વર્ષ-૩૫ જે ગઈકાલે સાંજના સુમારે પોતાના ઘરની અંદર એકલા હતા. તે દરમ્યાન પોતાના શરીર ઉપર કેરોશીન છાંટી આત્મ હત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો.

આ બનાવ બનતા જ આસપાસના લોકો તાત્કાલીક આવી તેમને ૧૦૮ વાન દ્વારા ડીસાની સરકારી હોસ્પીટલ ખાતે સારવાર અર્થે લવાયો હતો.



જો કે પ્રાથમીક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે પાલનપુર ખસેડવાની ફરજ પડી હતી. જો કે તેના પરીવારજનો તરફથી મળેલ માહીતી મુજબ તેઓએ જણાવ્યું હતુ કે અમારા ભાઈની મગજની બીમારી ની દવા પાટણ ચાલતી હતી. અને તે મગજની બીમારીથી પીડાતા હોઈ તેમને આ પગલુ ભર્યું છે. તેવુ પરીવારજનોએ જણાવ્યું હતું.

## ડીસા શહેરનો ગાયત્રી નગર વિસ્તાર ગંદકીમાં ગરકાવ

ડીસા, તા. ૧૯

ડીસા શહેરમાં છેલ્લા બે દિવસ દરમ્યાન થયેલ વરસાદના કારણે ઠેર ઠેર કાદવ કીચડનું સામ્રાજય છવાયુ છે ત્યારે શહેરના ગાયત્રી નગર વિસ્તારમાં પાકો રોડ અને ગટરની વ્યવસ્થા ન હોવાથી આ વિસ્તાર ગંકદીમાં ગરકાવ થઈ જવા પામ્યો છે.

માર્ગ ઉપર ઠેર ઠેર ભરાયેલા પાણીના ખાબોચીયા અને કાદવ કીચડના કારણે સ્થાનિક રહીશોને અવર જવર કરવી પણ મુશ્કેલ બની ગઈ છે. ડીસા શહેરના ઉમિયાનગર વિસ્તારની ગાયત્રીનગર સોસાયટીમાં પાકા રસ્તા અને ગટરની વ્યવસ્થા ન હોવાના કારણે આસપાસની સોસાયટીનું પાણી ભરાતાં ગંદકીનું સામ્રાજય છવાઈ જવા પામ્યું છે. ગાયત્રીનગર સોસાયટીના રસ્તા ઉપર ઠેર ઠેર ખાડા ખડીયા થઈ ગયા છે અને પાણીના ખાબોચીયા તથા કાદવ કીચડના કારણે સ્થાનિક રહીશોને અવર જવર કરવી મુશ્કેલ થઈ પડી છે. આ અંગે સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ આ વિસ્તારમાંથી ચૂંટાયેલા નગરસેવકોએ આ સોસાયટીમાં પાકો રોડ તથા ગટર બનાવી આપવા પ્રથમ પ્રાથમિકતા આપવાની ખાત્રી આપી હતી પરંતુ તેઓ ચૂંટાયા બાદ પોતાનું વચન નિભાવી શકયા નથી. આજદિન સુધીમાં પાકો રોડ બન્યો નથી કે ગટરની વ્યવસ્થા કરાઈ નથી. જેના કારણે રહીશોને પરેશાની ભોગવવી પડે છે. ચોમાસાના કારણે જાહેર માર્ગની હાલત બદતર થઈ જતાં રાહદારીઓ કે વાહનચાલકો ચાલી શકતા નથી. વળી સોસાયટીમાં ગંદા પાણીના ખાબોચીયા અને ગાંડા બાવળોનું સામ્રાજય દુર કરી શકાયુ નથી. ત્યારે સત્વરે આ સોસાયટી માંથી ગંદકી દુર કરાવી પાકા રોડ અને ગટરની વ્યવસ્થા કરાય તેવી માંગ ઉઠવા પામી છે.

## સ્વાતંત્ર્ય દિને રકતદાન કેમ્પ યોજાયો

ગાંધીનગરમાં સેકટર-૨૧માં આવેલા વૈજનાથ મંદિર માલણેશ્વર મહાદેવ ખાતે સ્વાતંત્ર્ય દિનના રોજ રકતદાન શિબિર યોજવામાં આવી હતી. જેમાં ૧૦૪ રકતદાતાઓએ રકતદાન કર્યું હતું.


વૈજનાથ મંદિર ખાતે યોજાયેલા રકતદાન શિબિરનું આયોજન સિનિયર સિટીઝન કાઉન્સિલ અને સહયોગ મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. ૧૦૪ રકતદાતાઓએ રકતદાન કર્યું હતું. પ્રસંગે ૧૮ મહિલાઓએ સ્વૈચ્છિક રકતદાન તથા સુકેતુભાઈએ ૧૩૭મી વખત ભરતભાઈ પટેલે ૩૦ વખત અને વિષ્ણુભાઈ પટેલે ૫૧ વખત રકતદાન કરી કેમ્પને સફળતા આપી હતી.

## ડીસાના રાજપુરથી કબ્રસ્તાન જવાના માર્ગની બિસ્માર હાલતથી પરેશાની

ડીસા, તા. ૧૯

ડીસામાં તાજેતરમાં થયેલ વરસાદના કારણે રાજપુરથી કબ્રસ્તાન તરફ જવાના માર્ગની હાલત સાવ બિસ્માર બની જવા પામી હતી. માર્ગ ઉપર ઠેર ઠેર ગાબડા પડી જવાથી મુસ્લિમ બિરાદરોને મૈયત લઈને જવામાં ભારે પરેશાની વેઠવી પડે છે. ડીસાના રાજપુર વિસ્તારમાં મુસ્લિમો કબ્રસ્તાન અને હિંદુઓના સ્મશાનધામ તરફ જવાના માર્ગ ઉપર વરસાદના કારણે મોટા મોટા ગાબડા પડી જવા પામ્યા છે. જેથી ત્યાં અવરજવર કરતા વાહનચાલકો સહીત આમ પ્રજાને ભારે હાલાકી વેઠવી પડે છે ત્યારે શુક્રવારે શબ્રકદ્ર હોવાથી હજારો મુસ્લિમ બિરાદરો પોતાના પૂર્વજોને યાદ કરવા કબ્રસ્તાન ગયા હતા પરંતુ ગાબડાના કારણે કેટલાય લોકો પડી ગયા હતા અને કાદવના કારણે તેમના કપડા ગંદા થયા હતા ત્યારે હવે ઈદના તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે પાલિકા તંત્ર દ્વારા રસ્તા પરના ગાબડા દૂર કરી માર્ગનું રીપેરીંગ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## શબ્દાવલી - ૪૮૨૦



| આડી ચાવી | | ઊભી ચાવી | |
|---|---|---|---|
| ૧. વસ્ત્રો, પોશાક | (૩) | ૧. એક નાનકડું ખટમધુરું ફળ | (૪) |
| ૩. જાજરમાન, છટાદાર | (૪) | ૨. આડુઅવળું જોયા કરવું તે | (૪) |
| ૪. રહેણી અને પહેરવેશનો લાક્ષણિક પ્રકાર | (૩) | ૩. ભભકો, છટા | (૨) |
| ૫. શરાબ, દારૂ | (૩) | ૬. ચહેરો, દર્શન | (૩) |
| ૭. ચોપાટની એક રમત | (૩) | ૭. ચારે દિશાઓમાં | (૩) |
| ૧૦. પિતાના પિતા | (૨) | ૮. 'રીસ' શબ્દ ઊંધો | (૨) |
| ૧૧. જયાંનું નાણું ડૉલર છે તે દેશ | (૪) | ૯. ઠક ઠક જેવો અવાજ કરવો | (૪) |
| ૧૨. છુમંતર જેવો એક શબ્દ | (૫) | ૧૧. બુધ્ધિ | (૩) |
| ૧૫. ...દો...કા હાથ હમારા... | (૨) | ૧૩. ચપળ હોવું તે | (૪) |
| ૧૬. શ્રમથી લાગતી થકાન | (૨) | ૧૪. જાસુસી કરનાર વ્યક્તિ | (૩) |
| ૧૭. સુકુમાર, અતિ કોમળ | (૪) | ૧૬. મુડી, પુંજી | (૩) |
| ૨૦. કુકર્મ, ખરાબ કર્મ | (૨) | ૧૮. બેભાનાવસ્થા, ... માં હોવું | (૨) |
| ૨૧. સરખાવવું | (૪) | ૧૯. વિચાર કરનાર ઈન્દ્રિય | (૨) |
| ૨૨. ચોખાના કટકા | (૩) | ૨૦. ખેતીમાં ઉપજ થાય તે | (૨) |

### શબ્દાવલી ૪૮૧૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઉપરવટ (૫) હાશ (૭) ચડસ (૮) તાક (૯) સ્થિરતા (૧૧) લપાટ (૧૨) તિથી (૧૩) ગરીબાઈ (૧૫) પતજડ (૧૭) કસર (૧૯) વટ (૨૦) બાષ્પ (૨૧) કબર (૨૨) આલમ

**ઊભી ચાવી :-** (૧) ઉપસ્થિત (૨) રચતા (૩) વડ (૪) ટસ (૫) હાતાપાઈ (૬) શકટ (૧૦) રથી (૧૧) લબાડ (૧૩) ગત (૧૪) રીજવવું (૧૫) પરસ્પર (૧૬) ઝટ (૧૮) સબાબ (૧૯) વકીલ

## ઘરના ઘરની યોજના

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ગાંધીનગર મહાનગરમાં થઈ ૫૦ હજાર જેટલા ફોર્મનું વિતરણ થશે તેવો અંદાજ છે.

જિલ્લા આગેવાનો આ ફોર્મ વિતરણ કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિત રહી પરિસ્થિતિનું સતત મોનીટરીંગ કરશે તેમજ જરૂરી માર્ગદર્શન પણ આપશે. ફોર્મ ભરીને પરત લેવાની કાર્યવાહી ત્રણ દિવસ દરમ્યાન જ હાથ ધરવામાં આવનાર હોઈ આ માટે અલગ કાઉન્ટરો ઉભા કરવામાં આવશે.

સ્વ. રાજીવ ગાંધીના જન્મદિનથી આરંભાઈ રહેલ આ ફોર્મ વિતરણ વ્યવસ્થા માટેના મોનીટરીંગ અંગે જિલ્લા કાર્યાલય ખાતે પણ ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી હોવાનું કોંગ્રેસના વર્તુળોએ જણાવ્યું છે.

ગાંધીનગર શહેર કોંગ્રેસના પ્રમુખશ્રી મુકેશભાઈ પટેલ અખબારી યાદીમાં જણાવે છે કે માજી વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીના જન્મ જયંતિ નિમિત્તે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ આયોજીત મહિલાઓ માટે રક્ષાબંધનની અમુલ્ય ભેટ સમાન 'ઘરનું ઘર' યોજનાના ફોર્મ વિતરમનો કાર્યક્રમ આવતીકાલે તા. ૨૦-૮-૨૦૧૨, સોમવારના રોજ સવારના ૧૦.૦૦ કલાકે સેકટર-૧૧, હોટલ હવેલીની સામે, સુમન ટાવરની પાછળ આવેલા વિશાળ મેદાનમાં રાખવામાં આવેલ છે. જેમાં ગાંધીનગર શહેરની ફક્ત મહિલાઓને પોતાના ઘરનાં ઘરની યોજનાના ફોર્મ મેળવવા માટે જાતેજ કોઈ પણ એક સરકાર માન્ય પુરાવા સાથે હાજર રહી ફોર્મ મેળવી લેવા ગાંધીનગર શહેરની ઘર વિહોણી સમગ્ર મહિલાઓને જાહેર આમંત્રણ છે.

ગાંધીનગર કોંગ્રેસ સમિતિ દ્વારા આ કાર્યક્રમ રાખેલ હોઈ આ કાર્યક્રમમાં ગાંધીનગર શહેરના પ્રમુખશ્રી મુકેશભાઈ પટેલ, મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા તથા પક્ષના નેતા ચિમનભાઈ વિંઝુડા, કે.આર. પટેલ, મહામંત્રીશ્રી કે.પી. સોલંકી, ખજાનચીશ્રી રજનીકાન્ત આર. પટેલ તથા નિમિષ શાહ તેમજ મહિલા પાંખના પ્રમુખ શ્રીમતી પ્રેમબા હાડા તેમજ શહેર કોંગ્રેસના તમામ આગેવાનો/કાર્યકરો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવશે.

દિવંગત વડાપ્રધાન રાજીવ ગાંધીની જન્મ જયંતિ પ્રસંગે ગુજરાત કોંગ્રેસ દ્વારા રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે ગુજરાતની બહેનો માટે જાહેર કરેલ 'ઘરનું ઘર' યોજનાનો તા. ૨૦-૮-૨૦૧૨, સોમવારે સવારે ૧૦.૦૦ કલાકે પેથાપુર બસ સ્ટેન્ડ પાસે, રૂપરાજ સિનેમા કંપાઉન્ડ ખાતે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડૉ. સી.જે. ચાવડા, પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસ, અશ્વિનભાઈ બારોટ, ડેપ્યુટી મેયર યુસુફભાઈ પરમાર, કનુસિંહ વાઘેલા, સૂર્યસિંહ ડાભી, મુળચંદભાઈ રાઠોડ, મહેન્દ્રસિંહ વાઘેલા, નગરસેવકો સર્વશ્રી ગણપતસિંહ વાઘેલા, અનિલસિંહ વાઘેલા, અજિતસિંહ વાઘેલા, કીરીટસિંહ ઝાલા, બાબુજી ઠાકોર, ઈશ્વરજી ઠાકોર, તાલબશા ફકીર વિગેરેની ઉપસ્થિતિમાં પ્રારંભ થશે.

વધુમાં ઉક્ત કાર્યક્રમની વિગતો આપતાં જિલ્લા પ્રવક્તા સૂર્યસિંહ ડાભીએ જણાવ્યું છે કે 'ઘરનું ઘર' યોજનાનો ૨૦મી ઓગષ્ટે સમગ્ર રાજ્યના શહેરી વિસ્તારોમાં આરંભ થશે. ગાંધીનગર જિલ્લાના ચારેય નાના શહેરો કલોલ, માણસા, દહેગામ અને પેથાપુર ખાતે દિવંગત વડાપ્રધાન ભારત રત્ન શ્રી રાજીવ ગાંધીની જન્મ જયંતિનો આ વિશેષ કાર્યક્રમ દ્વારા વિશિષ્ટ ઉજવણી કરવામાં આવશે. તેમજ સ્વ. રાજીવજીને ભવ્યાંજલિ અર્પવામાં આવશે. પેથાપુર ખાતે પણ ઉક્ત યોજનાનો ભવ્ય આરંભ થશે. જેથી પેથાપુર નગરના સર્વે કોંગ્રેસ કાર્યકરો-આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા પેથાપુર શહેર કોંગ્રેસ દ્વારા જણાવાયું છે.